Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# શૈક્ષણિક ગ્રંથાલયોમાં ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિનો ખ્યાલ અને મહત્વ

**ચેતનભાઈ દુધાભાઈ પરમાર**

૫૧, મહેશ્વરી સોસાયટી, અંબર સિનેમા પાસે, બાપુનગર, અમદાવાદ, ૯૪૦૮૭૨૦૧૯૫ અને ૭૯૯૦૧૫૫૩૮૯ ઈમેઈલ : chetuvidhyapith@gmail.com પીએચ. ડી. સ્કોલર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

❖ **સાર :**

ગ્રંથાલયને શિક્ષણનું હ્રદય માનવામાં આવે છે. જેમ હ્રદયવિના માણસ જીવી ન શકે તેમ ગ્રંથાલય વિના કોઈ પણ શૈક્ષણિક સંસ્થાનો વિકાસ શક્ય નથી. લેખની શરૂઆતમાં શૈક્ષણિક ગ્રંથાલયોની સમજ આપવામાં આવી છે, ત્યારબાદ ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિની સમાજ તેમ જ શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો ઉપયોગ અને મહત્વને સમજાવવામાં આવ્યું છે. અંતમાં ઈન્સ્ટીટયુશનલ રિપોઝેટરિનાં ફાયદા વર્ણવામાં આવ્યા છે.

❖ **ચાવી રૂપ શબ્દો** :શૈક્ષણિક ગ્રંથાલયો, ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ, ઓપન સોર્સ સોફ્ટવેર, ડિજિટલ માહિતી

❖ **પ્રસ્તાવના :**

પ્રાચીન સમયમાં ગ્રંથાલયોને તાળામાં નિશ્ચિત વર્ગના ઉપયોગ માટે જ રખાતા, સમય જતાં ગ્રંથો લોકો સુધી પહોંચતા થયા, ગ્રંથાલય સેવાઓનો વ્યાપ વધ્યો, વધતી જતી માહિતી અને ટેકનોલોજીને પરિણામે લોકો ઓછામાં ઓછા સમયમાં પિન-પોઈન્ટેડ માહિતી માંગતા થયા એટલે આધુનિક ગ્રંથાલયો ઈન્ફર્મેશન સેન્ટર બન્યાં, નવી નવી ટેકનોલોજીથી ગ્રંથાલયની સેવાઓમાં પણ સુધારો થયો ઈ-બુક્સ, ઈ-જર્નલ્સનો ખ્યાલ વિકસ્યો અને ગ્રંથાલય સેવાઓ કોમ્પ્યૂટરાઈઝ્ડ થઈ ડીજીટલ ગ્રંથાલયો થયા માહિતીને ડીજીટલ ફોમમાં સાચવવાનું અને ઉપયોગમાં લાવવાનું શરૂ થયું પરિણામે આજે OPAC, WEBOPAC, વગેરે દ્વારા વાચક ઘરે બેઠા જ પુસ્તક, સામાયિક દ્વારા માહિતી મેળવી શકે છે. ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ પણ એક એવી માહિતીનો ખજાનો છે જે સંસ્થાના કર્મચારીઓ, અધ્યાપકોની સામાન્યથી લઈને સિધ્ધી સુધીની માહિતી ડીજીટલ ફોર્મમાં ઓપન સોર્સ સોફ્ટવેર દ્વારા સાચવવામાં આવે છે. લેખમાં આનો ખ્યાલ વિસ્તૃત રીતે સમજાવવામાં આવ્યો છે.

❖ **શૈક્ષણિક ગ્રંથાલયો :**

ગ્રંથાલયોને મુખ્યત્વે ત્રણ સ્વરૂપમાં વહેંચવામાં આવ્યા છે :

૧. સંશોધન ગ્રંથાલયો, ૨. જાહેર ગ્રંથાલયો ૩. શૈક્ષણિક ગ્રંથાલયો (શૈક્ષણિક ગ્રંથાલયોમાં શાળા, ગ્રંથાલયો, કોલેજ ગ્રંથાલયો અને યુનિવર્સિટી ગ્રંથાલયો)નો સમાવેશ થાય છે, શૈક્ષણિક ગ્રંથાલયો શિક્ષણ સાથે સંકળાયેલા હોય છે, આવા ગ્રંથાલયોમાં સામાન્યત: શિક્ષણનાં અભ્યાસક્રમને લગતા પુસ્તકો, સામયિકો વગેરે રાખવામાં આવે છે, ઉપરાંત સંશોધનને પણ આવા ગ્રંથાલયોમાં મહત્વ આપવામાં આવે છે. યુનિવર્સિટી ગ્રંથાલયો સવિશેષ ઉચ્ચતર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હોય છે તેથી ટેકનોલોજીનાં વિકાસ સાથે યુનિવર્સિટી ગ્રંથાલયોમાં પણ સેવાઓ કોમ્પ્યૂટર

આધારિત થઈ છે, આમ શૈક્ષણિક ગ્રંથાલયોનો વિકાસ જેટલો સારો હશે તેટલો શિક્ષણને વેગ મળશે.

❖ **ઈન્સ્ટીટયુશનલ રિપોઝેટરિનો ખ્યાલ** :

ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિએ વાસ્તવમાં ડીજીટલ ગ્રંથાલયનું વિસ્તરણ છે, જે જ્ઞાન ભાગીદારી માટેનું પંચ છે.

બહુ વિસ્તૃત રીતે સામાન્ય શબ્દોમાં ઈન્સ્ટીટયુશનલ રિપોઝેટરિ એટલે ગ્રંથાલય, સંગ્રહાલય અને વખારમાં સાચવણી અને ઉપયોગ માટે સંગ્રહ કરવામાં આવેલ સંસ્થાના કૌશલ્યો અને અભિલેખો અલબત આજના સમયમાં તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે હું સંસ્થાકીય અભિલેખોની ડિજિટલ માહિતીની સાચવણીનો સંગ્રહ.

ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ એટલે વિશ્વવિદ્યાલયનાં શૈક્ષણિક સમૂહને શ્રેણીબધ્ધ સેવાઓ પૂરી પાડવા તેના અધ્યાપકો કર્મચારીગણ તેમજ વિધ્વાન સંશોધકો દવારા નિર્માણ પામેલ વિધ્વત પામેલ પ્રકાશનોના સંગ્રહ અને સાચવણીની વિધિ વળી આ સ્ત્રોતોને ડિજિટલ કે વિજાણું સ્વરૂપમાં રાખવાથી કોઈપણ વિશિષ્ટ વિષયની માહિતી સાચવવાનું અને ઉપયોગ કરવાનું સરળ બની રહે છે.

❖ **વ્યાખ્યા** :

લિન્ચ (Lynch) અનુસાર "ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ એટલે વિશ્વવિદ્યાલયનાં સભ્યો દ્વારા કરવામાં આવેલ ડિજિટલ સામગ્રીનું સર્જન તેમજ તેનું વિશ્વવિદ્યાલયનાં સભ્યોની ગ્રંથાલય અને માહિતી સેવા માટે કરવામાં આવતું વ્યવસ્થાપન".

ફોસ્ટર અને ગિબન્સ (Foster and Gibbons) ઈન્સ્ટીટયુશનલ રિપોઝેટરિની સમાજ આપતા જણાવે છે કે શૈક્ષણિક સમાજ-સમૂહ દ્વારા રચવામાં આવેલ ડિજિટલ રચનાઓની વિજાણુકીય પધ્ધતિ દ્વારા કરવામાં આવેલ સાચવણી સંરક્ષણ અને ઉપયોગની સુવિધા.

❖ **ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિનો ઉદ્દભવ** :

રિપોઝીટરીનો સામાન્ય અર્થ થાય છે સંગ્રહ, ભંડાર કે કોઠાર. ઈન્સ્ટીટયુશનલ એટલે સંસ્થાગત કે સંસ્થાકીય માનવ સંસ્કાર અને સંસ્કૃતિનો ઈતિહાસ જોતાં એ સ્પષ્ટ થાય છે કે "સંગ્રહ" કે રિપોઝીટરી એ નવીન પદ કે વિભાવના નથી માનવી સારસંભાળ, સાચવણી અને લાંબાગાળા સુધી ઉપયોગમાં લઈ શકાય તે માટે મહત્વની માહિતી અને કલાકારીગીરીની વસ્તુઓ ભેગી કરતાને સંગ્રહ કરતા તે શિખ્યો ત્યારથી ભેગી કરતા ને સંગ્રહ કરતા તે શિખ્યો ત્યારથી સંગ્રહ કરતા શિખ્યો ત્યારથી સંગ્રહ (Repository) પદ અસ્તિત્વમાં આવ્યો છે.

ગ્રંથાલયો, સંગ્રહાલયો, દફતરો (Archive)નાં ઇતિહાસમાં પાનાઓ ઉથલાવતા એ સ્પષ્ટત: જણાઈ આવે છે કે સંગ્રહ માટેના કાર્યક્રમોનું મૂળ તેમાં પડેલું છે અલબત વિશેષત: સમકાલીન વિકાસના સંદર્ભે સંસ્થાગત સંગ્રહને નવીન અર્થ મળ્યા છે વિભાવના મળી છે.

૧. જ્ઞાન વ્યવસ્થાપન આંદોલનનો ઉદ્દભવ

૨. ડિજિટલ માહિતી વ્યવસ્થાપનની ઝડપથી પ્રાપ્ત થતી પરિપકવતા

વિશાળ દ્રષ્ટિએ જોતાં જ્યાં સંસ્થાના અભિલેખો ઉપયોગ અને સાચવણી માટે રાખવામાં આવે છે જેવા કે ગ્રંથાલય સંગ્રહાલય ભંડાર વગેરેને ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ કહેવામાં આવે

છે. શબ્દોમાં એમ કહી શકાય કે સંસ્થાની તમામ માહિતી ડિજિટલ સ્વરૂપમાં પરિવર્તિત કરી તેનો સંગ્રહ સાચવણી અને તેનો ઉપયોગ.

❖ **શૈક્ષણિક ગ્રંથાલયોમાં ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિનું મહત્વ** :

અર્વાચીનયુગમાં ડિજિટલ લાયબ્રેરી ઉદ્દભવ અને વિકાસ સાથે ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ મહત્વ સવિશેષ બનતું રહ્યું છે. આજે ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ વિશ્વની અનેક સંસ્થાઓ માટે એક વિશાળ છત્ર સમાન બની છે જ્યાં સંસ્થાઓ સંશોધન કાર્યક્રમો, યોજનાઓ વગેરે ઉપયોગકર્તાનાં લાભાર્થે પ્રતિવર્ષ પ્રદર્શિત કરે છે સાથે જ વિશ્વની તમામ સંસ્થાઓને સહભાગી થવા પ્રોત્સાહિત કરે છે. ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ કોઈપણ જાતના અવરોધ વગર પ્રલેખોના ઉપયોગની સુવિધા આપે છે તેમજ ભૂતકાળ અને વર્તમાન તેમજ ભાવી સંશોધનોને ઉજાગર કરે છે.

વિશેષમાં સમકાલીન અને ભાવી સંશોધકોની સાથે અન્ય વ્યવસાયિકો જેવા કે સામાજિક કાર્યકરો વગેરેને તે પ્રકાશનોને વધુ ઉપયોગી બનાવે છે.

વળી, સંશોધન લેખો, સંશોધન અહેવાલો વગેરે ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ વિવિધ પ્રત્યાયનને વધુ વેગીલું બનાવે છે, ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ સંસ્થાઓને વધુ ઉપયોગી બનાવે છે.

છેલ્લા ૮-૧૦ વર્ષમાંઅમેરિકા, ગ્રેટ બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં સારી એવી સંખ્યામાં ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિનો વધારો થયો છે ગ્રેટ બ્રિટનમાં JISC ની નાણાકીય સવલતો સાથે તેના અનેક સંશોધનો સંસ્થાઓમાં ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ વિકાસ પામી છે. અમેરિકામાં યુનિવર્સિટી ઓફ કેલોફોનિયા Scholarship રીપોઝિટરિનો મહત્વકાંક્ષી યોજનાઓની પ્રારંભ કરવામાં આવ્યો છે અને ૨૦૦૦ જેટલા લેખોની વિષયવસ્તુ એકઠી કરવામાં આવી છે, DSpace ફલકનો MIT અને HP દ્વારા વિકાસ કરે છે Open Source અને મફત સુવિધા પૂરી પાડવામાં આવી છે. છેલ્લી આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૦૦થી આજદિન સુધી ૩૦૦૦ થી વધુ સંસ્થાઓને DSpace સોફ્ટવેર ડાઉનલોડ કર્યા છે.

ભારતમાં યુનિવર્સિટી ઓફ મૈસુરે વિદ્યાનિધિ ડિજિટલ લાયબ્રેરી અન્વયે ભારતીય મહાનિબંધોની ડિજિટલ લાયબ્રેરીનો વિકાસ કર્યો છે જે ભારતીય મહાનિબંધો અને લઘુશોધ નિબંધો માટેની ઓનલાઈન સ્ત્રોત છે આ યોજના માઈક્રોસોફ્ટ ઇન્ડિયા અને ફોર્ડ ફાઉન્ડેશન દ્વારા પુરસ્કૃત છે.

❖ **શૈક્ષણિક ગ્રંથાલયોમાં ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિનાં હેતુઓ નીચે મુજબ છે** :

૧. વિધ્વત સંશોધન સંસ્થાઓ માટે વૈશ્વિક ઓળખ ઊભી કરવી,
૨. કોઈ એક જ સ્થાને વિષયવસ્તુનું સંકલન કરવું,
૩. અન્ય સંસ્થાઓની ડિજિટલ વસ્તુઓ સંગ્રહ અને સાચવણી કરવી,
૪. વસ્તુ રજૂ કરવી
૫. મેટાડેટાની પ્રસ્તુતતા
૬. પ્રવેશ – અંકુશ
૭. શોધ સહાય

૮. વહેંચણી અને સાચવણી

❖ **ફાયદા :**

- જ્ઞાનના પરિઘને વિકસાવવા
- પુન: પ્રાપ્તિની સરળતા
- બૌધ્ધિક  સંપદા અધિકારને સંસ્થાકીય સ્તરે વધુ અસરકારક રીતે ઉપયોગ કરાવવા સમર્થ બનાવવા
- માહિતી અને વિષયવસ્તુ વ્યવસ્થાપન પધ્ધતિનાં વર્તમાનમાં રહેલાં રોકાણોમાં થતો યાંત્રિક લાભ મેળવવા.

❖ **ઉપસંહાર :**

ઈન્ટરનેટનાં આવિષ્કારથી માહિતી ખૂબ ઝડપથી પ્રાપ્ત થવા લાગી છે, ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિનો ખ્યાલ આજનો છે છેલ્લા ત્રણ-ચાર દાયકાઓ અલબત વિશાળ અર્થમાં જોઈએ તો શીક્ષનીક સંસ્થાઓ વિશેષ કરીને વિશ્વવિદ્યાલયનાં અને ગ્રંથાલયોના વિકાસ જેટલો જૂનો છે, ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરિ માહિતીની ઝડપી પુન: પ્રાપ્તિ માટેની એક અદ્યતન વિધિ છે જે સંસ્થાના અધ્યાપકો, સંશોધનકર્તાઓ અને વિદ્યાર્થીઓ દ્વારા બૌધ્ધિક સંપદાના ડિજિટલ સ્વરૂપમાં અભિલેખો સંસ્થાના તેમજ સંસ્થા બહારના ઉપયોગકર્તા માટે સરળ અને સુગમ બનાવવાની વિધી એક નવીન ખ્યાલ છે.

❖ **સંદર્ભસૂચિ :**


1. Aschenbrenner, L. A. (2008) Future of repositories & Paterns for repository Architecture.
2. Brain, Joseph (2011) Institutional repositories Encyclopedia of Library and Information Science.
3. Karmakar, Gaurishankar (2010) Institutional repositories in India.
4. Lihitker Shailini R. (2009) A strudy of Majar Institutional repositories in India.
5. ઉચાટ, ડી. એ. (૨૦૦૯) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.